# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-09-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## હિન્દી દિવસ-અખિલ ભારતીય રાજભાષા સંમેલન:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકોને પોતાની માતૃભાષાને સન્માન આપવાની સાથે સાથે હિન્દીને સહકાર આપવા હાકલ કરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે હિન્દી દિવસ તેમજ 5-મા અખિલ ભારતીય રાજભાષા સંમેલનને ખૂલ્લું મૂકતા તેમણે સમયની સાથે હિન્દીને વધુ લચિલી બનાવવા પર અને હિન્દી તથા પ્રાદેશિક ભાષાઓના સહ-અસ્તિત્વ પર ભાર મૂક્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે સમરસતા વધારવાના હેતુથી યોજાઈ રહેલા આ સંમેલનમાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના અંદાજે સાત હજારથી વધુ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

દરમ્યાન,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિન્દી દિવસ પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, હિન્દી ફક્ત સંદેશાવ્યવહારનું માધ્યમ નથી, પરંતુ દેશની ઓળખ અને મૂલ્યોનો જીવંત વારસો છે.

-----------------------------------------------------------------------------------------

## GST 2.0 અંગે ગાંધીધામ ખાત આઉટરીચ કાર્યક્રમ:

જીએસટીના દરોમાં કરવામાં આવેલ વ્યાપક સુધારા અંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કેન્દ્ર સરકારના રેવન્યુ અને ફાઇનાન્સ વિભાગ દ્વારા ગાંધીધામ ખાતે આઉટરીચ કાર્યક્રમ યોજાયો હતો.

2017માં GST લાગુ થયાના આઠ વર્ષ બાદ થયેલા આ મહત્વપૂર્ણ સુધારા અંગે ઉદ્યોગકારો, વેપારીઓ સહિતના વ્યવસાયિક વર્ગને માહિતી આપવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આ સુધારા કયા સેક્ટરમાં લાભદાયક સાબિત થશે અને કયા ક્ષેત્રમાં નાણાકીય જવાબદારી વધશે તેની સ્પષ્ટ અને સરળ સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વેપાર-ઉદ્યોગ જગતના આગેવાનો, વેપારી સંગઠનોના પ્રતિનિધિઓ તથા નાણાકીય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## GST સુધારા અંગે પ્રતિભાવ:

સરકાર દ્વારા હાલમાં જીએસટી ક્ષેત્રે વ્યાપક સુધારાત્મક પગલાઓ લેવામાં આવ્યા છે. અને હવે તેનું સરળીકરણ કરીને 5 ટકા અને 18 ટકા એમ માત્ર બે જ સ્લેબમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે.

ત્યારે આ અંગે આકાશવાણી સાથે વાતચીત કરતા કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રોફેસર ડોક્ટર કલ્પના સતીજાએ કહ્યું કે, આનાથી રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સસ્તી થશે જેનાથી મધ્યમ વર્ગના લોકોને ફાયદો થશે.

(**બાઈટ-** ડોક્ટર કલ્પના સતીજા કચ્છ યુનિવર્સિટી-અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રોફેસર)

---------------------------------------------------------------------------------------------

## **એક અગત્યની જાહેરાત:**

GSTના દરોમાં થયેલા વ્યાપક સુધારા અંગે આકાશવાણી ભુજ સમાચાર વિભાગ દવારા આજે રાત્રે ૮ વાગીને ૩૦ મીનીટે વિશેષ ચર્ચા પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આપ અમારી યુટ્યુબ ચેનલ RNU ભુજ પર પણ સાંભળી શકશો છો.

જાહેરાત પૂરી થઇ...

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા-તાલુકા કક્ષાનો વન મહોત્સવ:

નખત્રાણા તાલુકાના દેવપર ખાતે તાલુકા કક્ષાનો 76મો વન મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન પીપળા, લીમડા, જાંબુ, જામફળ સહિત કુલ 20 જાતિના આશરે 150 વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. સાથે જ ગામમાં વૃક્ષ રથ યોજી 1500 જેટલા રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## માતાના મઢ-પદયાત્રા કેમ્પ:

આગામી 22 સપ્ટેમ્બરથી આસો નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પગપાળા માતાના મઢ માટે જવા માટે કચ્છથી બહારના પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે.

સામખિયાળી માર્ગ પર સેવાભાવી સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓ માટે કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે જ્યાં પદયાત્રીઓને ભોજન, પાણી, અને આરામ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

દરમ્યાન, શ્રધ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્ર, જાગીર ટ્રસ્ટ તેમજ સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા માતાનામઢ ખાતે આગોતરા આયોજનની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઇ ગયો છે.

---------------------------------------------------------------------------------------------

## એશિયા કપ-ભારત-પાકિસ્તાન મેચ:

T-20 એશિયા કપ ક્રિકેટના ગ્રુપ-A મેચમાં ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં રાત્રે 8 વાગ્યાથી રમાશે. આ વર્ષે ફેબ્રુઆરી બાદ બંને ટીમો પહેલી વાર એકબીજા સામે ટકરાશે.

---------------------------------------------------------------------------------------------

## અકસ્માતમાં યુવાનનું મોત:

ભુજ તાલુકાના સુખપર ગામ નજીક ગઈ મધરાતે કાર અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા મોટા યક્ષના મેળામાં જઈ રહેલા ભુજના બાઇક ચાલક યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

સુખપર ગામના ધોરીમાર્ગ પર સામેથી આવતી કાર સાથે તેની બાઇકની ટક્કર થઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે હતભાગી યુવાન 8 થી 10 ફૂટ દૂર ફંગોળાયો હતો અને બાઇકમાં આગ લાગી હતી. ગંભીર ઈજાઓ થતાં તેને 108 એમ્બ્યુલન્સ મારફતે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યુ હતું.

---------------------------------------------------------------------------------------------

## પોષણ માસની ઉજવણી:

પોષણ માસની ઉજવણી અંતર્ગત અબડાસા તાલુકાના રામપર ખાતે પોષણયુક્ત વાનગીઓનું નિદર્શન, રંગોળી અને પોસ્ટરપ્રદર્શન તેમજ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સ્વસ્થ બાળક સ્પર્ધા અને લીંબુ ચમચી સ્પર્ધાનું આયોજન કરી વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------